સરકારી કુમાર છાત્રાલય મુ.ઇડર, જિ.સાબરકાંઠાના
મકાન બાંધકામ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સકછ/૧૦૧૩/ન.બા.૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨/૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૨/૧૧/૨૦૧૩નો
પત્ર ક્રમાંક: અજાક-ગ.૧-૨૦૧૩-૧૪-૫૫૧૭-૧૮.

ઠ રા વ:-

અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિના ધો.૧૧ થી ઉપરના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા આપવા માટે સરકારી કન્યા છાત્રાલયોની યોજના ચલાવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના છાત્રાઓ માટે સારા મકાન અને પુરતા વિજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ઇડર,, જિ.સાબરકાંઠા ખાતે સરકારી કુમાર છાત્રાલયના બાંધકામ માટે વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં રૂ.૧૫૦.૦૦ લાખ ની નવી સેવાનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત વર્ષ ૨૦૧૩-૧૪મા સમાવેશ કરેલ રૂ.૧૫૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ ની બજેટ જોગવાઇની અધીન રહીને નાંણાં વિભાગની વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ બાબત તરીકે તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામની યોજના માટે માર્ગ અને મકાન વિભાગના જે તે જીલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની વહીવટી /તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદજ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇન્ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૩) આ બાંધકામ સમય-મર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીંગની વ્યવસ્થા નિયામકશ્રી(અજાક) કક્ષાએ ગોઠવવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠકો યોજવાની રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે જો વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૫) ભારત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ સમય મર્યાદામાં મેળવી લેવાની રહેશે.

(૧૬) સરકારી કુમાર છાત્રાલય, ઇડર, જિ.સાબરકાંઠાને રૂ.૪.૩૨ કરોડની મર્યાદામાં વહીવટી મંજૂરી આપવામાં આવે છે. જે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂ.૧.૫૦ કરોડની મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- (અનુસૂચિત જાતિ પેટા યોજના), મુખ્ય સદર-૪૨૨૫, અનુ.જાતિ, અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૨)બીસીકે-૨૫ – અનુસૂચિત જાતિ પેટા યોજના સરકારી કુમાર છાત્રાલયનુ બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૯-૭-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.સાબરકાંઠા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.સાબરકાંઠા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.સાબરકાંઠા.
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સાબરકાંઠા
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.